## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**હે બાપ્પા... તમે ગયા વખત આવ્યા અને આજ સુધીમાં આટલી આટલી વખત પેટ્રોલનાં ભાવ વધ્યા એ તમે સાંભળજો... બીજું તો કોઈ સાંભળે તેમ નથી...**

# નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓની પોલીસ દ્વારા અટકાયત

## ઘ-૪થી કલેક્ટર કચેરી ખાતે મૌન રેલી યોજતા પોલીસે ૫૦૦ કર્મચારીઓની અટકાયત કરી

ગાંધીનગર, તા. ૧૪

રાજયભરમાંથી આજે નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓ ઘ-૪ ગાર્ડન ખાતે એકઠા થયા હતા. નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓએ પગાર વધારાની માંગ સાથે કલેકટર કચેરી સુધી મૌન રેલી યોજતા પોલીસ દ્વારા ૫૦૦ થી વધુ કર્મચારીઓની અટકાયત કરી હતી. જયારે કર્મચારીઓએ જ્યાં સુધી પગાર વધારો નહીં મળે ત્યાં સુધી આગામી સમયમાં પણ આક્રમક આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

રાજય સરકારની હોસ્પિટલો, આરોગ્ય વિભાગની કચેરીઓ, અને ફિલ્ડ લેવલે માત્ર કરાર પધ્ધતિથી પાયાની સેવાઓ આપતા કર્મચારીઓને નેશનલ હેલ્થ મિશન દ્વારા તાજેતરમાં પગાર વધારો જાહેર કરાયો છે. પરંતુ નિયત પગાર વધારા કમિટી દ્વારા સેવાયેલા દુર્લક્ષ્યને કારણે આ પગાર વધારો અન્યાયી-ક્ષતિયુક્ત અને વિસંગતા સભર સાબિત થયો છે. પગાર સુધારણા માટે આ પગાર વધારો પરત ખેંચવામાં આવ્યો હતો. પરંતુ બે માસનો સમય થવા છતા હજુ સુધી નવો સુધારેલો પગાર વધારો જાહેર કરાયો નથી. ત્યારે સુધારેલો પગાર વધારો ઝડપી જાહેર કરવામાં આવે તેવી માંગ સાથે એનએચએમના કર્મચારીઓ આંદોલન કરી રહ્યા છે. ત્યારે નેશનલ હેલ્થ મિશનના ૨૪ જિલ્લાના કર્મચારીઓએ આજરોજ શહેરના ઘ-૪ ગાર્ડનથી કલેકટર કચેરી સુધી મૌન રેલી યોજી હતી. પરંતુ પ્રતિબંધિત વિસ્તાર હોવાથી તાત્કાલીક પોલીસે ૫૦૦ થી વધુ એનએચએમના કર્મચારીઓની અટકાયત કરી લીધી હતી. ત્યારે પગાર વધારો જાહેર નહીં કરવામાં આવે તો હજુ પણ આગામી સમયમાં કર્મચારીઓ દ્વારા જલદ કાર્યક્રમો આપવામાં આવશે.






# સ્વાઈન ફ્લુના શંકાસ્પદ કેસો શોધવા હવે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ થશે

ગાંધીનગર, તા. ૧૪

વાહકજન્ય રોગચાળા બાદ હવે રાજ્યમાં સ્વાઈન ફ્લુને લઈ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કરવા માટેની તાકીદ આજે રાજ્યના આરોગ્ય કમિશ્નર સુશ્રી જયંતિ રવિએ વિડીયો કોન્ફરન્સ કરીને જિલ્લાતંત્રને જણાવ્યુ છે.

વિડીયો કોન્ફરન્સ ઉપરાંત આરોગ્ય કમિશ્નરે એક પત્ર પાઠવીને પણ જિલ્લાના આરોગ્યતંત્રોને આ માટે જાગૃત અભિયાન છેડવાની સાથે સાથે દરેક હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ શરૂ કરવાની પણ સૂચના આપી છે.

આરોગ્ય કમિશ્નરશ્રીએ સ્વાઈન ફ્લુની સંભવિત પરિસ્થિતિને અનુલક્ષીને જરૂરી દવાઓ, પી.પી.ઈ. કીટ, એન-૯૫ માસ્ક, ટ્રીપલ લેયર માસ્ક વગેરે પુરતા પ્રમાણમાં જિલ્લાએ ઉપલબ્ધ ન હોય તો રાજ્યનો સંપર્ક કરીને મેળવી લેવા જણાવ્યુ છે.

પ્રજાજનોને ઋતુના બદલાવ સાથે સીઝનલ ફ્લુની સંભવિત પરિસ્થિતિ સામે ભયભીત થવાનું કોઈ કારણ નથી. ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવુ, ખાંસી કે છીંક ખાતી વખતે નાક અને મોં પર આડો રૂમાલ રાખવો, વારંવાર હાથ ધોવા જેવી સામાન્ય સાવચેતીઓ રાખે તેવુ જનજાગૃતિ અભિયાન ચલાવવા પર ભાર મુક્યો હતો.

સ્વાઈન ફ્લુના લક્ષણો જેવા કે તાવ, ગળામાં દુઃખાવો, શરદી-ખાંસી, તુટ-કળતર, શ્વાસ લેવામાં તકલીફ જણાય તો તાત્કાલિક સારવાર લેવા પણ લોકોને જણાવવુ તેમ પત્રમાં પણ જણાવ્યુ છે અને વિડીયો કોન્ફરન્સમાં પણ આવી જ સૂચનાઓ આપી છે.



## ધોળેશ્વર મહાદેવ માર્ગ પર કાર વિજપોલ સાથે અથડાઈ

શહેરના મુખ્યમાર્ગ થી ધોળેશ્વર મહાદેવ સુધીનો માર્ગ સાંકળો હોવાથી વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્રણ માસથી માર્ગ પહોળો કરવાનું કામ ચાલી રહ્યું છે. પરંતુ હજુ માર્ગનું કામ અડધુ પણ પુરુ થઈ શક્યું નથી. ત્યારે આજે સામા પાંચમ હોવાથી ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે ભારે ટ્રાફિક રહેવા પામ્યો હતો. ત્યારે બપોરના સુમારે સેવરોલેટ સ્પાર્ક કારના ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર વિજ પોલને અથડાઈ હતી. કાર અથડાતા વિજપોલ નમી ગયો હતો. નાગરીકોએ કારને સાઈડમાં પાર્ક કરી હતી અને વિજપોલ નમી જતા વાહન વ્યવહાર પણ થોડીવાર માટે થંભી ગયો હતો. જયારે તાત્કાલીક જીઈબીના કર્મચારીઓ આવતા વિજપોલનુ કામ શરુ કર્યું હતું. પરંતુ માર્ગનું કામ મંથર ગતિએ ચાલતા નાગરીકોમાં તંત્રની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે.

# ક્રોધ જ સર્વનાશનો મૂળ આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૧૪

ઉત્તમ ક્ષમા ધર્મ કહે છે કે ક્રોધ છોડીને ઘણા પ્રકારના આંતરીક અને બાહ્ય નુકસાનથી બચી શકાય છે. પરમ કૃપાળુ ભગવાન કહે છે



કે ગુસ્સાને પણ દૂધ અને પાણીની જેમ પીતા શીખી જશો તો જ જીવનમાં ઉત્તમ ક્ષમા આદરી શકશો. આ ક્રોધ સર્વનાશનો મૂળ છે. ક્રોધ કરવાથી વ્યક્તિ વિવેકશૂન્ય થઈ જાય છે તે પોતાનો હિત-અહિત પણ સમજી શકતો નથી. આજે પર્યુષણ મહાપર્વના પહેલા દિવસે ઉત્તમક્ષમા ધર્મની જીવનમાં આગત્યતા સમજાવતા ચર્યાચક્રવર્તી પ્રાકૃતાચાર્ય ૧૦૮ આચાર્ય સુનીલ સાગરજી મહારાજે કહ્યું કે આ સમયમાં દશલક્ષણ ધર્મની આરાધના શુદ્ધ અને પવિત્ર ભાવથી ગમે તે વ્યક્તિ કરી શકે છે, જરૂરી નથી કે જૈન જ હોય.

ઉત્તમક્ષમા ધર્મ ક્રોધ છોડવાની બાત કરે છે, ઉત્તમમાદર્વ અહંકારને ભૂલી જવાનું કહે છે, ઉત્તમ આર્જવ સરલ સ્વભાવી થવાની પ્રેરણા આપે છે, ઉત્તમ શૌચધર્મ ટકોર કરે છે કે ભેગું ના કરો અને સંતોષી જીવન વ્યતીત કરતા થાઓ. આ ચાર ગુણો જે જીવ ધારણ કરે છે કદી ખોટું ના બોલે, હમેશ સત્યવ્રતનો પાલન કરે, સંયમને ધારણ કરી ત્યાગને તપના પુરૂષાર્થ થકી પરિગ્રહમાંથી મમત્વ ઓછો કરી આકિંચન્ય ધર્મને ધારણ કરે છે. ગુરુદેવ કહે છે કે લૌકિક જગતમાં દરેક વિષયના ભણતર અને પરીક્ષા માટેનો નિયત સમય હોય છે પણ આ દસ ધર્મોનું અભ્યાસ તો જીવનભર કરવાનું રહે છે.

# આજે સત્યમેવ રોયલ સોસાયટીના ગણેશ મહોત્સવમાં રાસ ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ન્યું ગાંધીનગરમાં સરગાસણ વિસ્તારમાં આવેલ સત્યમેવ રોયલ



સોસાયટીમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ મહોત્સવનું આયોજન રંગેચંગે કરવામાં આવ્યું છે. ગણેશ મહોત્સવમાં તા. ૧૭ સપ્ટેમ્બર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શોભાયાત્રા, ભજનસંધ્યા, સુંદરકાંડનો પાઠ, ગરબા, કલ્ચરલ પ્રવૃતિ, ૧૦૦૧ દિવડાની મહાઆરતી, તેમજ ૧૧ ફુટ લાંબી શ્રીજીની મૂર્તિને રોજ કલાત્મક રીતે સુશોભિત કરવામાં આવે છે.

જયારે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ મુખ્ય મહેમાન તરીકે જનક ઠક્કર (ફિલ્મ અભિનેતા), માહી જોશી(સુરી ટીવી સિરીયલની કલાકાર) તેમજ મમતા સોની (ગુજરાતી ફિલ્મ અભિનેત્રી) હાજર રહેવાના છે. આ મહોત્સવનું આયોજન સોસાયટીના પીન્ટું બારોટ, જીગ્નેશ પ્રજાપતિ, સમીર પટેલ, હર્ષદ ભાંગલ, હાર્દિક પટેલ, ધવલ પ્રજાપતિ, ચંદ્રેશ મિસ્ત્રી, તેમજ સમસ્ત સત્યમેવ રોયલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.



## ઉનાવાના રાજા

ઉનાવા ગામે આવેલ ખાડીયા પોળ મિત્ર મંડળ દ્વારા પ્રથમવાર ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૩ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન સવાર-સાંજ આરતી તેમજ સાંજે ભજન સંધ્યા સહિત ગરબાના કાર્યક્રમ રાખવામાં આવ્યા છે. ત્યારે ખાડીયાપોળના ભકતો ગણેશજીની ભકિતમાં તલ્લીન બન્યા છે. ત્યારે કાર્યક્રમને સફળ બનાવવા માટે ખાડીયા પોળના યુવકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવનો મંગલમય માહોલમાં શુભારંભ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની સ્થાપના કાળથી સેકટર-૨૨ના રંગમંચ પર શ્રી સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન થાય છે. આ ઉત્સવ પ્રતિ વર્ષ નાત-જાત કે ધર્મના બાધ વિના અબાલવૃધ્ધો સૌ સાથે મળીને ઉજવે છે. આ ઉત્સવ સાચા આર્થમાં લોકઉત્સવ બની ગયો છે.

રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંગના વરદ હસ્તે કાર્યક્રમનું ઉદ્ઘાટન કરી મંગલ દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું ઉદઘાટન પ્રસંગે પ્રમુખ નિશિત વ્યાસે ગણેશ મહોત્સવની મહત્વતા સાથે કોમી એખલાસની ભાવના તેમજ નફરત અને વેરઝેરનું વિસર્જન કરી ભકિત સાથે ભાઈચારાની ભાવના કેળવવાની વાત કરી હતી.

મુખ્ય સચિવ જે.એન. સિંગે શ્રીજીની આરતી ઉતારી અને દિપ પ્રાગટય કરી અખંડ ભારતમાં ગણેશજીના આશીર્વાદ અને કૃપાની વાત કરી હતી. સવારે નીકળેલ દબદબાભેર શોભાયાત્રા બાદ રાત્રે



કડી સર્વ વિદ્યાલય તેમજ તેની ભગિની એમ ૧૪ સંસ્થાઓના કુલ ૨૬૭ બાળકોએ અદભુત કાર્યક્રમો આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ચેતના બુચે કર્યું હતું તેમજ કાર્યક્રમની આભારવિધિ શ્રી હિરેન શાસ્ત્રીએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા રાકેશ જાની, મિતુલ જોશી, ભવ્યા રાઠોડ, મુકેશ મારુ, અશ્વિન સુહાને મુખ્ય યોગદાન આપ્યું હતું.

આ કાર્યક્રમ માણવા શહેરના વિવિધ ધર્મના અગ્રણીઓ જેવા કે ગાંધીનગર મહાનગરપાલિકાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, હુસેની કમિટીના શ્રી દરિયાખાન, ગુરુદ્વારા કમિટીના ચેરમેન શ્રી મિલ્ખાસિંઘજી, સેંટ ઝેવિયર્સના ફાધર શ્રી દુરાઈ તેમજ વિવિધ સંસ્થાના સમાજસેવી પ્રતિનિધિઓ હાજર હતા. આવનારા દિવસોમાં એકથી એક ચડિયાતા કાર્યક્રમોનું આયોજન કરાયુ છે.

મહોત્સવના ત્રીજા દિવસે તા. ૧૫મી સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે 'આપણું ફાઉન્ડેશન' દ્વારા ગાંધીનગરની વિવિધ શાળાઓના શ્રમજીવી પરિવારના બાળકોનો અવનવો ટેલેન્ટ શો યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માણવા ગાંધીનગરના કલારિસકોને વિશાળ સંખ્યામાં ભાગ લેવા સમિતિ વતી અધ્યક્ષ નિશિત વ્યાસે ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

# સેક્ટર-૭-ડીમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો

ગાંધીનગર, તા. ૧૪

સેક્ટર-૭-ડીમાં તસ્કરોએ ફરીથી પોતાનો તરખાટ મચાવીને પોતે હાજર હોવાનું પુરવાર કરી દીધેલ છે. શહેરના જાણીતા સાહિત્યકાર સુમનભાઈ શાહના તથા તેમના મકાનની પાછળના ભાગે રહેતા હર્ષદભાઈ પટેલના બન્ને મકાનોમાં તસ્કરોએ ચોરી કરીને વસાહતીઓમાં ભયનો માહોલ ફેલાવી દીધો છે.

સુમનભાઈ શાહના ઘરે પરિવાર ઉપરના માળે રહે છે તે હાજર હોવા છતાં ચોરીનો બનાવ રાત્રિ સમયે બનેલ છે. પોલીસખાતાએ રૂટિન પ્રમાણે તપાસ આદરેલ છે. શ્વાન પણ ફેરવેલ છે. પરંતુ તસ્કરોની કરામત આગળ તંત્ર વામણું પુરવાર થાય છે. સેક્ટર-૭-ડીમાં તમામ મકાનોમાં વયસ્કો રહેતા હોવાથી વયસ્કોમાં ફફડાટ વ્યાપેલ છે.

# ચોરીના ગુનામાં નાસતો ફરતો રીઢો આરોપી ઝડપાયો

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમના પીએસઆઈ એમ.જે.શિન્દે તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કોન્સ્ટેબલ અનોપસિંહને



બાતમી મળી હતી કે કલોલ શહેર પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં નાસતો-ફરતો એક આરોપી છત્રાલ થી કડી જતા રોડ ઉપર ટોલનાકા નજીકથી પસાર થઈ રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે ટોલનાકા નજીક વોચ ગોઠવી મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલા લક્ષ્મીપુરા ગામના લાલસંગ ઊર્ફે લાલો દિપકસિંગ ઠાકોરને પકડી પાડી આરોપીની ધરપકડ કરી લીધી છે. પકડાયેલા આરોપીની પૂછપરછ કરતા જાણવા મળ્યુંહતુંકે વર્ષ ૨૦૧૭ દરમિયાન પોતે તેના મિત્ર મનીષ રબારીસાથે મળીને કલોલના વૃંદાવન કોમ્પ્લેક્સમાં એક ઓફિસ આગળ સીસીટીવી કેમેરા તોડી લઈ ગયા હતા અને આ કેમેરો રસ્તામાં ક્યાંક લીધો હતો. શખ્સ ૨૦૧૦માં કલોલ તાલુકા પોલીસ મથકમાં બળાત્કાર તેમજ મહેસાણા જિલ્લામાં હત્યા જેવા ગંભીર ગુનામાં પકડાયેલો છે.

# પેથાપુર નિવાસી અસરગ્રસ્તની અન્યાય સામે રજુઆત

ગાંધીનગરની રચના માટે પેથાપુર નિવાસી અસરગ્રસ્ત સિકંદરભાઈ એસ. શેખની ૧૯૬૫માં જમીન સંપાદન થયેલ હતી જેના નિયમો મુજબ તેમને દુકાન કે નોકરી આપવી જોઈએ તે આજ દિન સુધી મળેલ નથી તો તેમની રજુઆત અંગે યોગ્ય કાર્યવાહી કરવા તેમણે રજુઆત કરી છે.

**ટુંકી મુદતની જાહેર નિવિદા વર્ષ ૨૦૧૮-૧૯**

જિ.પં. ગાંધીનગર સેક્ટર-૧૭ આયુર્વેદ શાખા (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૯૧) માટે નીચે દર્શાવેલ હોમીયોપેથીક દવાઓ ખરીદવાની થતી હોઈ તેના ભાવો હોમીયોપેથીક દવાઓના માન્ય વિક્રેતાઓએ કંપનીના સીલબંધ કવર અને અસલ પેકીંગની દવાઓ તેમજ ચાલુ વર્ષનું જી.એમ.પી. સર્ટીફિકેટ ધરાવતી કંપનીની હોમીયોપેથીક દવાઓ પુરી પાડી શકતા હોય તેવા માન્ય વિક્રેતાઓએ તમામ કરવેરા સહિતના ભાવ મોડામાં મોડા તા. ૨૪/૯/૨૦૧૮ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં આયુર્વેદ શાખા જિ.પં. ગાંધીનગરને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

| ક્રમ | દવાનું નામ/સાઈઝ | પેકીંગ |
|---|---|---|
| 1. | Dilution 30 potency | 100 ml glass bottle |
| 2 | Ointment | 25gm pack |
| 3. | Globule No. 30 | 15 km Bag |
| 4. | Plastic phials (HD Plastic) | One gorss (2 dram size) |

સહી/-
શ્રી જિલ્લા આયુર્વેદ અધિકારી
જિલ્લા પંચાયત ગાંધીનગર
માહિતી/૧૫૫૪/૧૮-૧૯

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની આજે ગર્વનીંગ બોડીની બેઠક મળી હતી.

● કુપોષણ માસની ઉજવણીને લઈ આરોગ્યતંત્ર તેમજ મહિલા બાળ વિકાસની સંયુક્ત બેઠક જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપદે મળી હતી.

● ૧૮મીએ વિધાનસભા ઘેરાવના કાર્યક્રમને લઈ તેમજ જનમિત્રની કામગીરીની સમીક્ષા માટે કોંગી નેતાઓની બેઠકમાં સભ્યો-હોદ્દેદારોની મોટી ગેરહાજરી એ રાજકીય ચર્ચાનો મુદ્દો બન્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા અંબાજીના પદયાત્રીઓ માટે ૧૫ સેવા કેન્દ્રો અને બે એમ્બ્યુલન્સ સેવાઓનો આજે પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ, જિ.વિ. અધિકારી કોયા, આરોગ્ય સમિતિના ચેરમેન નરેશજી ઠાકોરે આરંભ કરાવ્યોહતો.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા એક દિવસીય પ્રવાસ

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા કેવડીયા કોલોની તથા પોઈચા સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૨૧-૯-૨૦૧૮ શુક્રવારના રોજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. તો રસ ધરાવતા લોકોએ મંત્રી રાજેન્દ્રભાઈ પ્રજાપતિ (મો. ૯૮૨૫૦૨૧૮૫૩), નારણભાઈ પ્રજાપતિ (૯૯૦૪૩ ૩૧૭૫૦)ને ૧૯-૯-૨૦૧૮ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.

## શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુજરાત રાજ્યની સામાન્ય સભા ૧૬મીએ યોજાશે

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુજરાત રાજય ગાંધીનગરના વર્ષ ૨૦૧૭-૧૮ના કામકાજ અને હિસાબોના અહેવાલની બહાલી, ટ્રસ્ટના કામકાજ સબંધી, સુચનો તથા ભાવી આયોજનના પરામર્શ માટે આગામી તા.૧૬ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે નગરપાલિકા ભવન સે-૧૧ જિલ્લા કોર્ટની પાછળ ગાંધીનગર ખાતે પંદરમી વાર્ષિક સાધારણ સભા રાખવામાં આવી છે. જેમા સૌ સભાસદોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## જગતસિંહ રૂપારેલનું દુઃખદ અવસાન

રાજભવનમાં દીર્ઘકાલિન સેવાઓઆપનાર નિવૃત્ત નાયબ સચિવ જગતસિંહ એમ. રૂપારેલનુંઆજે૯૦ વર્ષની જૈફવયે દુઃખદ અવસાન થયુ છે. તેઓ છેલ્લા થોડાક દિવસથી બિમાર હતા. તેમની અંતિમયાત્રા શુક્રવારે સવારે ૮ વાગે સે. ૬ પ્લોટ નં. ૧૫૨/૨ ખાતેથી નીકળશે. તેઓ તેમની પાછળ ત્રણ દિકરા અને ત્રણ દિકરીઓનો બહોળો પરિવાર વિલાપ કરતા છોડી ગયા છે.

ગુજરાત સરકાર
**મહેસુલ વિભાગ**
સચિવાલય, ગાંધીનગર
**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (અધિનિયમ-૨૦૧૩) ૨૦૧૩નો ૩૦મો)**

જીલ્લો : અરવલ્લી
ક્રમાંક :અમ-૨૦૧૮-૬૩૬-મ-જઅવ-૧૭૧૮-૮૨૯-ચ તા. ૨૦/૮/૨૦૧૮

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસુચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'સુજલામ સુફલામ કેનાલ સાંકળ ૧૦૮.૫૦૦ કિ.મી.થી ૧૦૯.૨૯૦ વચ્ચેની' પ્રોજેક્ટ માટે જરૂર પડવાનો સંભવ છે.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસુચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓએને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનેમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યું હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩(જ) હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાયદાની કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર જમીનમાં હિત ધરાવતી વ્યક્તિ / ઈસમ જમીન સંપાદન અંગેના વાંધા નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી, હિંમતનગર સમક્ષ રજૂ કરી શકાશે.

**અનુસુચિ** જિલ્લો : અરવલ્લી તા. : બાયડ ગામ : આકોડીયા (જીતપુર)

| અ.નં. | જુનો સર્વે નંબર | રિસર્વે બાદની નવીન સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | ૧૦ | ૩૯ | ૦-૧૪-૨૫ |
| ૨ | ૧૧ | ૩૬ | ૦-૦૪-૭૩ |
| ૩ | ૧૩ | ૩૫ | ૦-૧૧-૮૦ |
| ૪ | ૨૫ | ૧૫ | ૦-૧૭-૨૬ |
| ૫ | ૨૬ | ૧૪ | ૦-૧૭-૩૮ |
| ૬ | ૨૭ | ૧૩ | ૦-૨૫-૯૩ |
| ૭ | ૩૦ | ૧૨ | ૦-૨૮-૫૦ |

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામ** **સહી/**
ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૩૧૪/૨૦૧૮ **સરકારના ઉપસચિવ**